Extra No. 17

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] THURSDAY, JANUARY 8, 2026 / PAUSA 18, 1947

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વાંચ્યોઃ-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ગોધરાના પત્ર જા નં.સીબી/ગોધર/૪૬૪/૨૦૨૫ તા.૩૧/૧૨/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર નં.LIB:બ્રિજ રીપેરીંગ/અભિપ્રાય/૫૫/૨૦૨૬ તા.૦૫/૦૧/૨૦૨૬

(૩) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના પત્ર નં. એમએજી/જાહેરનામુ/વશી/૦૭/૨૦૨૬ તા.૦૭/૦૧/૨૦૨૬

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ**

નં.એમએજી જાહેરનામું/વશી/ ૩ ૪ થી ૪૪ /૨૦૨૬ - કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના તા.૧૩/૧૨/૨૦૨૫ ના પત્રથી તેઓની કચેરી હસ્તક આવેલ ટૂવા - રતનપુર - કબીરપુર રોડ (અન્ય જિલ્લા માર્ગ) કિમી 0/00 થી ૧૧/૩૭૦ ની ચેઈનેજ કિમી ૪/૨૦૦ થી ૪/૪૦૦ પર મેજર બ્રિજ આવેલ છે સદર બ્રિજ ની પ્રિ-મોનસુન ચકાસણી દરમ્યાન સુંદર બ્રિજ પ્રારંભીક નજરે જોખમી જણાતા ઈન્ફિનિજી સિવિલ કન્સલટન્ટ અમદાવાદ મારફત સદર બ્રિજની ચકાસણી કરવામાં આવેલ હતી. તેમના રિપોર્ટ મુજબ પણ સદર બ્રિજ ખરાબ અવસ્થામાં જણાય છે સદર બ્રિજના મરામત અર્થે ગુજરાત સરકારના તા. ૨૫/૧૦/૨૦૨૫ના પત્ર નં.એસ/૦૧/૨૦૨૩/૨૦૬૨૧૫/ડી થી ૫૧.૧૪ લાખ અને તા. ૦૪/૧૦/૨૦૨૪ના પત્ર નં.એસ/૨૦૨૪/૮૮૨/ડી-સી થી ૨૭૦.૦૦ લાખની, વહીવટી મંજુરી આપવામાં આવેલ છે અને તેઓની કચેરીના તા. ૦૮/૦૧/૨૦૨૫ના પત્ર જા.નં.એબી/ટીસી/૨૫/૨૦૨૫ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર બ્રિજની રિપેરિંગ કામગીરી દરમ્યાન કલેક્ટરશ્રી પંચમહાલના તા. ૧૩/૦૩/૨૦૨૫ પત્ર નં.એમએજી/સમારકામ-જાહેરનામું/વશી/૯૨૨ થી ૯૩૨/૨૦૨૫ થી તા. ૨૫.૦૩.૨૦૨૫ થી ૨૫.૦૬.૨૦૨૫ સુધી બ્રિજનો રસ્તો બંધ કરવા જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું પરંતુ સદર બ્રિજ બાબતે તેઓના વિભાગના ડિઝાઈન સર્કલ ગાંધીનગર દ્વારા તા. ૧૫/૦૫/૨૦૨૫ના પત્રથી ચકાસણી કરી સદર બ્રિજ બાબતે નવીન બ્રિજ બનાવવા અથવા તેનું સમરકામ માટે બ્રિજ બંધ રાખવા જણાવેલ છે સદર બ્રિજ રિપેરીંગ થઈ શકે તેમ ન હોય નવિન બ્રિજ બનાવવાની કામગીરી હેતુ ગુજરાત સરકારના તા. ૨૯/૦૭/૨૦૨૫ તથા તા. ૦૪/૧૦/૨૦૨૫ના પત્રથી ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૧૭.૦૦ કરોડની સૈધ્ધાંતિક / વહિવટી મંજુરી આપવામાં આવેલ છે, જેથી સાવચેતીના ભાગ રૂપે નવિન બ્રિજ બનાવવામાં ન આવે ત્યા સુધી અંદાજીત તા. ૩૧/૧૨/૨૦૨૬ સુધી જાહેરનામુ લંબાઈ જવા તેઓની પેટા વિભાગીય કચેરી દ્વારા ભલામણ કરેલ છે. જેથી નવિન બ્રિજ નિર્માણ ન થાય ત્યાં સુધી કોઈ પણ અઘટીત બનાવ ન બને તે માટે સાવચેતી ના

ભાગ રૂપે સદર બ્રિજ બંદ અંગેનું જાહેરનામુ તા. ૩૧/૧૨/૨૦૨૬ સુધી લંબાઈ જવા વિનંતી કરેલ છે તથા સદર બ્રિજના બંને તરફ બેરિકેટ્સ મુકી સાવચેતીના ભાગ રૂપે બંધ રાખેલ છે તેમ જણાવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરા તથા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરા પ્રાંત ગોધરા દ્વારા અનુક્રમે વંચાણ, (૧) તથા (૨) મુજબના પત્રથી ઉકત વિગતેનું જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાની મળેલ દરખાસ્ત તેમજ પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તથા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાન્ત ગોધરાના હકારાત્મક અભિપ્રાય મુજબ માર્ગ અને મકાનવિભાગ(રાજ્ય), ગોધરા હસ્તક આવેલ ટૂવા - રતનપુર - કબીરપુર રોડ (અન્ય જિલ્લા માર્ગ) કિ.મી ૦/૦૦ થી ૧૧/૩૭૦ ની ચેઈનેજ કી.મી.૪/૨૦૦ થી ૪/૪૦૦ પરનો મેજર બ્રીજ ખરાબ અવસ્થામાં હોઈ નવિન બ્રિજના નિર્માણ હેતુ સદર બ્રિજ તમામ વાહનો માટે બંધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી૧૨૬૬/૧૦ તા. ૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે જે પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોઘરા, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ માર્ગ અને મકાનવિભાગ (રાજ્ય), ગોઘરા હસ્તક આવેલ ટૂવા રતનપુર કબીરપુર રોડ (અન્ય જિલ્લા માર્ગ) કિ.મી ૦/૦૦ થી ૧૧/૩૭૦ ની ચેઈનેજ કી.મી.૪/૨૦૦ થી ૪/૪૦૦ પરનો મેજર બ્રીજ ખરાબ અવસ્થામાં હોઈ નવિન બ્રિજના નિર્માણ હેતુ

તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી સદર બ્રિજ તમામ વાહનો માટે બંધ કરવા અને નીચે જણાવ્યા મુજબના વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા ફરમાવું છું.

**વૈકલ્પિક રસ્તાઓ :-**

**ભારે વાહનો માટે :** ટ્રાફિક બ્રિજ થી ઉદલપુર ૮ કિમી, ઉદલપુર થી કબીરપુર ચોકડી ૬.૯૦ કિમી, કબિરપુર ચોકડી થી રતનપુર ગામ ૪.૧૦ કિમી (કુલ ૧૯ કિમી) અવર જવર કરી શકશે.

**નાના વાહનો તથા ૨ વ્હિલર માટે :** (૧) ટ્રાફિક રતનપુર ગામ થી નર્મદા કેનાલ થઈ અમદાવાદ ગોધરા હાઈવે (૪.૯૦ કિમી)

(૨) ટ્રાફિક રતનપુર બ્રિજ થી અમદાવાદ ગોધરા મેઈન હાઇવે થી નર્મદા કેનાલ થઈ (૪.૯૦ કિમી)

**શિક્ષા :-**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોધરા માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આજ તારીખ: ૮મી જાન્યુઆરી - ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો

**(જે.જે.પટેલ)**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

-------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.02 16:54:14 IST